બીનસરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી પ્રક્રિયા અંગે.

ગુજરાત સરકાર
સુધારા ઠરાવક્રમાંક-એનજીસી-૧૧૨૦૧૦-૩૨૬૯-ખ
શિક્ષણ વિભાગ
સચિવાલય ગાંધીનગર
તારીખ- 17 FEB 2012

વંચાણે લીધા-

૧) શિક્ષણ વિભાગના તા.૧૪/૯/૨૦૧૧અને તા-૧૪/૧૧/૨૦૧૧ના સમાનાંકિ ઠરાવ.

૨) યુજીસી ન્યુ દીલ્હીનો તા-૨૬/૧૨/૨૦૧૧નો પત્ર ક્રમાંક-F.9.1/2009(PS./Misc)

આમુખ-

અધ્યાપક સહાયકની ભરતી સંદર્ભે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામે દર્શાવેલ તા-૧૪/૯/૨૦૧૧ અને તા-૧૪-૧૧-૨૦૧૧ ના સમાનાંકિ ઠરાવથી ભરતી અંગેની માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે.પરંતુ અધ્યાપક સહાયક તરીકિની શૈક્ષણિક લાયકાત સંદર્ભે વિભાગ દ્વારા યુનિવર્સિટી ગ્રાંટ કમિશન, નવી દીલ્હીનું માર્ગદર્શન માંગવામાં આવતાં ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૨) ના પત્રથી સ્પષ્ટતા /માર્ગદર્શન મળેલ છે.જેથી અધ્યાપક સહાયક માટેની શૈક્ષણિક લાયકાત સંદર્ભે મુળ ઠરાવમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ-

રાજ્યની અનુદાનિત વિનયન,વાણિજ્ય,વિજ્ઞાન ,કાયદા અને શિક્ષણ શાસ્ત્ર ની કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી માટે વિભાગના તા-૧૪/૯/૨૦૧૧ ના ઠરાવથી ભરતી પ્રક્રિયા માટેની માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે.પરંતુ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૨)ના યુનિવર્સિટી ગ્રાંટ કમિશન ના પત્રથી મળેલ સ્પષ્ટતાઓ જોતાં મુળ ઠરાવની શરત નં-૨ માં દર્શાવેલ શબ્દો "જે કિસ્સામાં આવા ઉમેદવાર ઉપલબ્ધ ન હોય ત્યાં એમ.ફીલ. ની પદવી ધરાવતા ઉમેદવારની પસંદગી કરી શકાશે.આવા ઉમેદવારે પાંચ વર્ષમાં યુ.જી.સી.રેગ્યુલેશન-૨૦૧૦ મુજબ નિયત કરેલ લાયકાત મેળવી લેવાની રહેશે" શબ્દો આથી રદ કરવામાં આવે છે.

આ અંગેની વિગતો કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરીએ વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાની રહેશે તથા યોગ્ય રીતે પ્રસિધ્ધ કરવાની રહેશે.

અધ્યાપક સહાયકની ભરતી પસંદગી શરુ કરવામાં આવેલ હોયતો પસંદગી પુર્વે યુ.જી.સી.ની આ સુચનાઓ ધ્યાને લઈ મેરીટ બનાવવાનું રહેશે.

ઉક્ત સુધારા સિવાયની મુળ ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ એચ ખુમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

-માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી,સચિવાલય ગાંધીનગર.
-માન.રા.ક.મંત્રીશ્રી (ઉચ્ચ શિક્ષણ) ના અંગત સચિવશ્રી,સચિવાલય ગાંધીનગર.
-ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
-એકાઉન્ટન્ટ જનરલ -૧ (ઓડિટ),ગુજરાત રાજ્ય અમદાવાદ/રાજકોટ

Scanned by CamScanner

–એકાઉન્ટન્ટ જનરલ –૨ (પ એન્ડ ઈ), ગુજરાત રાજ્ય અમદાવાદ/રાજકોટ

–પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ /ગાંધીનગર.

–નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ ,ગાંધીનગર.

–નાણાવિભાગ સચિવાલય ગાંધીનગર.

–રજીસ્ટ્રારશ્રી ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ.

–રજીસ્ટ્રારશ્રી એમ.એસ. યુનિવર્સિટી વડોદરા.

– રજીસ્ટ્રારશ્રી એસ.પી. યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર.

– રજીસ્ટ્રારશ્રી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત.

–રજીસ્ટ્રારશ્રી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ

–રજીસ્ટ્રારશ્રી હેમચંન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ.

–રજીસ્ટ્રારશ્રી ભાવનગર યુનિવર્સિટી ભાવનગર

–રજીસ્ટ્રારશ્રી ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સોલારોડ, અમદાવાદ.

–રજીસ્ટ્રારશ્રી શ્યામજી કૃષ્ણવર્મા કચ્છયુનિવર્સિટી ભુજ– કચ્છ.

–રજીસ્ટ્રારશ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળ જી.જુનાગઢ.

–આચાર્યશ્રી,બિનસરકારી અનુદાનિત આર્ટ્સ ,સાયંસ, કોમર્સ,કાયદા અને બી.એડ કોલેજ,ગુજરાત રાજ્ય ગાંધીનગર(ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી મારફત)

–સીસ્ટમ મેનેજર કોમ્પ્યુટર સેલ ,શિક્ષણ વિભાગ,સચિવાલય ,ગાંધીનગર.વેબસાઈટ પર મુકવા સારુ.

–સીલેક્ટ ફાઈલ

Scanned by CamScanner